

# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

ભારે ઉકળાટ વચ્ચે વરસાદ તો હજી આ અક્ષર પાડું છું ત્યાં સુધી આવ્યો નથી. આશાવાદી હંમેશાં આશા રાખે છે. મને પણ એની આશા છે. આવા વાતાવરણ વચ્ચે પરિષદ એની પ્રવૃત્તિ કરતી રહે છે. બુધસભા અને પાક્ષિકી તેના નિયમિત કાર્યક્રમો છે તો રવીન્દ્રભવન દ્વારા પણ ગુરુદેવ ટાગોરનું સ્મરણ થતું રહે છે. આપણા જાણીતા નાટ્યસર્જક સતીશ વ્યાસે ૩જી જૂનના રોજ રવીન્દ્રનાથ ટાગોરના નાટક 'રાજા' પર વક્તવ્ય આપ્યું. તેમણે નાટકની કથાવસ્તુના મૂળ સાથે નાટકની ખૂબીઓ ખોલી આપી હતી.

પરિષદે 'આપણો સાહિત્યવારસો' અંતર્ગત ૨૭ જૂને આપણા નવલકથા-નિબંધકાર વિનેશ અંતાણી સાથે એક સંગોષ્ઠિનું આયોજન રાજકોટની લૅંગ લાયબ્રેરીમાં થયું હતું તેમાં ભૂમિકા નીતિન વડગામાએ આપી હતી અને અતિથિવિશેષ તરીકે નીતિન ભારદ્વાજ હતા. વિનેશ અંતાણીએ તેમના સર્જન વિશે મનભર વાતો કરી હતી.

એની સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ અંતર્ગત કાવ્યલેખન કાર્યશાળા ૨૮મીથી શરૂ કરી છે તેમાં ૩૦ બહેનોએ ભાગ લીધો હતો. પરિષદપ્રમુખ શ્રી ધીરુ પરીખ, શ્રી માધવ રામાનુજ, શ્રી ધીરુબહેન પટેલ અને શ્રી પ્રફુલ્લ રાવલ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન શ્રી પારુલ કં. દેસાઈએ કર્યું હતું. શ્રી પ્રજ્ઞા પટેલનો સહયોગ મળ્યો હતો. આ અંગે વિસ્તૃત અહેવાલ આવતા મહિને.

ભાષા-સાહિત્યને પ્રાણરૂપ ગુજરાતી ભાષા ટકે તે અર્થે પરિષદ દ્વારા ચાલતું કેન્દ્ર. માતૃભાષા સંવર્ધન કેન્દ્ર આગામી ૨૭મી જુલાઈથી માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમના વર્ગો શરૂ કરશે અને ઑગસ્ટ માસમાં પત્રકારત્વ અને અનુવાદના વર્ગો શરૂ થશે જે ગુજરાત યુનિવર્સિટી દ્વારા માન્ય અભ્યાસક્રમ છે અને તે ક. લા. સ્વાધ્યાયમંદિરના ઉપક્રમે થનાર છે.

તા. ૪-૭-૨૦૧૫ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી સ્વાતિ મેઢે 'ગોત્યું ગોત્યું તોય' વાર્તાનું પઠન કર્યું. તા. ૧૮-૬-૨૦૧૫ના રોજ પાક્ષિકી અંતર્ગત શ્રી નિર્મળા મેકવાને 'સરસ્વતીચંદ્રની કુમુદ' વાર્તાનું પઠન કર્યું હતું.

**પરિષદના આગામી કાર્યક્રમો**

તા. ૨-૭-૨૦૧૫ અને ૧૬-૭-૨૦૧૫ના ગુરુવારના રોજ પાક્ષિકીમાં વાર્તાનું પઠન થશે. સાંજે ૬-૧૫ કલાકે.

**વિશ્વકવિતા કેન્દ્ર અંતર્ગત**

તા. ૩, ૧૦, ૧૭, ૨૪-૭-૨૦૧૫ના રોજ બુધસભા અને ૩૧-૭-૨૦૧૫ના રોજ

વ્યાખ્યાન સાંજે ૭-૦૦ કલાકે.

### નવોદિત સર્જકોના પ્રથમ પુસ્તકનું પ્રકાશન

ગુજરાતી સાહિત્ય પરિષદના ક. લા. સ્વાધ્યાયમંદિર હસ્તક શ્રી બી. કે. મજૂમદાર ટ્રસ્ટ પ્રકાશનશ્રેણી અંતર્ગત નવોદિત સર્જકોના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે. આથી જે નવોદિત લેખકો-લેખિકાઓનું એક પણ પુસ્તક પ્રગટ ન થયું હોય તેઓ આ શ્રેણીમાં પોતાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકની હસ્તપ્રત મોકલી શકે છે. આ પુસ્તકની પૃષ્ઠમર્યાદા ૧૫૦ની રહેશે. હસ્તપ્રતની ટાઇપ કૉપી મોકલવી. હસ્તપ્રત તા. ૩૧-૭-૨૦૧૫ સુધીમાં મોકલી આપવા વિનંતી. હસ્તપ્રત મોકલવાનું સરનામું- પ્રકાશનમંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, અમદાવાદ- ૩૮૦૦૦૯.

### લેખિકાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન

ગુજરાતી સાહિત્ય પરિષદના 'શ્રીમતી જ્યોત્સનાબહેન હસિતકાન્ત બૂચ નિધિ' અંતર્ગત લેખિકાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે. આથી જે લેખિકાઓનું એક પણ પુસ્તક પ્રગટ ન થયું હોય તેઓ આ શ્રેણીમાં પોતાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકની હસ્તપ્રત મોકલી શકે છે. આ પુસ્તકની પૃષ્ઠમર્યાદા ૧૦૦ની રહેશે. હસ્તપ્રતની ટાઇપ કોપી મોકલવી. હસ્તપ્રત તા. ૩૧-૭-૨૦૧૫ સુધીમાં મોકલી આપવા વિનંતી. હસ્તપ્રત મોકલવાનું સરનામું - પ્રકાશનમંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯.

### ગુજરાત યુનિવર્સિટી માન્ય પત્રકારત્વ અને અનુવાદના અભ્યાસક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા ગુજરાત યુનિવર્સિટી માન્ય છ-માસિક પત્રકારત્વ અને અનુવાદના પ્રમાણપત્ર અભ્યાસક્રમના વર્ગોનું સત્ર ૨૦ ઑગસ્ટ, ૨૦૧૫થી શરૂ થશે. અભ્યાસક્રમમાં જોડાવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ તાત્કાલિક સંપર્ક કરવો. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે. વર્ગો સોમવાર અને મંગળવારે સાંજના ૫.૦૦થી ૭.૦૦ના સમય દરમિયાન લેવાશે.

પ્રવેશ માટેની યોગ્યતા : કોઈ પણ વિદ્યાશાખામાં સ્નાતક (બી.એ.)

**સંપર્કસૂત્ર :**

ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઇમ્સની પાછળ,
નદીકિનારે, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯,
ફોન : કાર્યાલય - (૦૭૯) ૨૬૫૮૭૯૪૭ (મો.) ૯૫૩૭૬૭૧૦૭૩

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર અને શ્રી ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધનકેન્દ્રના ઉપક્રમે 'માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ'ના આયોજન રૂપે તા. ૨૭-૭-૨૦૧૫થી ૧૩-૮-૨૦૧૫ દરમિયાન,

વાચનકૌશલની સજ્જતા કેળવાય તે અભિગમથી વિવિધ વ્યાખ્યાનો યોજવામાં આવે છે. જેમાં કોઈ પણ ભાષારસિક – ભાષાજિજ્ઞાસુ, વયભેદ કે વ્યવસાયભેદ વગર જોડાઈ શકે છે. આ અભ્યાસક્રમની ફી ૩૦૦/- રૂપિયા રાખવામાં આવી છે. વર્ગોનો સમય સાંજે ૫.૦૦થી ૬.૩૦ (સોમવારથી શનિવાર) રહેશે. રસ ધરાવનારે પરિષદ કાર્યાલયમાં ફૉર્મ ફી ભરી જવા વિનંતી છે.

**સ્થળ**

ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન સ્મૃતિમંદિર, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૨૬૫૮૭૯૪૭, (મો.) ૯૫૩૭૬ ૭૧૦૭૩

## ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૮મું અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદનાં અડતાલીસમું અધિવેશન ઈન્સ્ટિટ્યૂટ ઑફ યુથ ડેવલપમેન્ટના યજમાનપદે ભુજ મુકામે તારીખ ૨૫, ૨૬, ૨૭ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ યોજાશે. વધુ વિગતો આવતા અંકે.

**સાહિત્યવૃત્ત**

તા. ૧-૩-૨૦૧૫ના રોજ નર્મદ સાહિત્યસભા, સાહિત્યસંગમ અને કવિશ્રી મુકુલ ચોક્સીના સહયોગથી અપાતું ''કવિશ્રી મનહરલાલ ચોક્સી પારિતોષિક'' કવિશ્રી લલિત ત્રિવેદીને તેમના ૨૦૧૩માં પ્રકાશિત થયેલા ગઝલસંગ્રહ 'બીજી બાજુ મે 'હજી જોઈ નથી' માટે અર્પણ કરવામાં આવ્યો છે.

'લેખિની' અંતર્ગત તા. ૧૧-૪-૨૦૧૫ની સાહિત્યિક સભામાં 'લેખિની'ની લગભગ ૩૦ બહેનોએ મૌલિક કાવ્યોનું પઠન કર્યું. જેમાં નીલાબહેન ત્રિવેદીએ હાઇકુ અને તાનકા વિશે રસપ્રદ માહિતી આપી હતી.

મેરઠ યુનિવર્સિટીમાં ડૉ. કેશુભાઈ દેસાઈના અધ્યક્ષપદે 'હિન્દી અને ભારતીય સાહિત્ય' વિષય પર તા. ૧૯,૨૦-૫-૨૦૧૫ના રોજ દ્વિ-દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો. અધ્યક્ષીય વક્તવ્ય આપતાં કેશુભાઈ દેસાઈએ કહ્યું હતું કે માતૃભાષા અને રાષ્ટ્રભાષા એકમેકની પૂરક બની રહેવી જોઈએ.